# મહિસાગર જિલ્લા કક્ષાના પાંચમાં વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન 2019 માં કિસાન માધ્યમિક વિદ્યાલયનું અભૂતપૂર્વ પરિણામ

જિલ્લા કક્ષાનું ડોક્ટર વિક્રમ સારાભાઈ વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન-**2019** તારીખ **26,27** સપ્ટેમ્બર **2019** ના રોજ શ્રી નવજીવન હાઇસ્કુલ, થાણાસાવલી મુકામે યોજાઈ ગયું.

કિસાન માધ્યમિક વિદ્યાલયની વિભાગ-**2** અને વિભાગ-**5** ની કૃતિ તાલુકા કક્ષાએ પ્રથમ નંબર મેળવી જિલ્લાકક્ષાએ રજૂ કરવામાં આવી હતી. આ બન્ને કૃતિઓ જિલ્લા કક્ષાએ પણ પ્રથમ નંબર મેળવેલ છે. વિભાગ-૨ ની કૃતિ **"Natural Mosquito repellent"** જેના માર્ગદર્શક શ્રી પી એમ પ્રજાપતિ તેમજ કૃતિ બનાવનાર વિદ્યાર્થીનીઓ જોષી ભાર્વી હેમંતભાઈ તથા પટેલ દેવાંશી વિનોદભાઈ હતા જ્યારે વિભાગ-**5** મા "તરતો પુલ" જેના માર્ગદર્શક શ્રી એચ આર પંચાલ અને કૃતિ બનાવનાર વિદ્યાર્થીનીઓ પ્રજાપતિ ભૂમિ રમણભાઈ અને પટેલ અર્ચી જગદીશભાઇ હતા.

આ ઉપરાંત કિસાન માધ્યમિક વિદ્યાલયની વિદ્યાર્થીની પ્રજાપતિ સૃષ્ટિ રમેશભાઈ તાલુકા કક્ષાએ નિબંધ સ્પર્ધા માં પ્રથમ નંબર મેળવી જિલ્લા કક્ષા માં ભાગ લીધો હતો જે જિલ્લા કક્ષાએ પણ પ્રથમ નંબર મેળવેલ છે આમ કુલ 3-વિભાગમાં કિસાન માધ્યમિક વિદ્યાલય જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે જે હવે રાજ્ય કક્ષાએ શાળાનું પ્રતિનિધિત્વ કરશે.

ઓ.કે.સી સંકુલના પ્રમુખ શ્રી મૌલિકભાઈ કે.પટેલ , કિસાન માધ્યમિક વિદ્યાલયના આચાર્ય શ્રી એચ વાય પટેલ , શાળા વિજ્ઞાન મંડળના કન્વીનર શ્રી નિરવભાઈ જી ત્રિવેદી તેમજ ઓ..કે.સી સંકુલ પરિવારે આ તમામ વિજેતા વિદ્યાર્થીઓ તેમજ તેમના માર્ગદર્શક શિક્ષકશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા.



(વિભાગ-5-પ્રથમ)



(નિબંધ સ્પર્ધા- પ્રથમ)



( વિભાગ-2-પ્રથમ)